નવસારી જીલ્લા પોલીસ તરફથી કરવામાં આવેલ સારી કામગીરીની વિગત

સાફલ્યગાથા તા.૧૯/૦૪/૨૦૨૧ થી ૨૫/૦૪/૨૦૨૧

કચેરી/ શાખા / દ્વારા કરેલ સારી કામગીરી

## પ્રેસનોટ તા.૨૪/૦૪/૨૦૨૧

**નવસારી ટાઉન પો.સ્ટેમાં ચોરીમાં ગયેલ સાયકલ તેમજ અન્ય ચોરીની ૧૩ સાયકલો મળી કુલ-૧૪ સાયકલોની કિં.રૂ. ૧,૨૩,૦૦૦/-ના મુદ્દામાલ સાથે ત્રણ આરોપીઓને પકડી પાડી ડીટેઈન કરતી એલ.સી.બી નવસારી**

નવસારી જીલ્લામાં નવસારી શહેર તથા આજુબાજુના રહેણાંક વિસ્તારમાંથી મોટા ભાગે દિવસના સમયે એપાર્ટમેન્ટના પાર્કીંગમાંથી તેમજ મકાનોની સામેથી સાયકલોની ચોરીઓ તેમજ લોકોની ભીડનો લાભ લઈ મોબાઈલ ફોનોની ચોરી અવર નવર થતી હોય જે ચોરીના અનડીટેકટ ગુનાઓ શોધી કાઢવા **પોલીસ અધિક્ષકશ્રી, ઋષિકેશ ઉપાધ્યાય સાહેબ** તથા **ઈન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષકશ્રી આર.ડી.ફળદુ સાહેબ** નવસારી નાઓએ **વી.એસ.પલાસ પો.ઈન્સ. એલ.સી.બી** નવસારીનાઓને જરૂરી સુચના આપેલ.

જે અન્વયે પોલીસ ઇન્સ્પેકટર વી.એસ.પલાસ નાઓએ પો.સ.ઇ એ.આર.સુર્યવંશી, તથા સ્ટાફના પોલીસ માણસોને જરૂરી સુચનાઓ આપેલ જે આધારે **હે.કો. અરૂણસિંહ જગતસિંહ તથા પો.કો. અર્જુનભાઈ પ્રભાકરભાઈ** નાઓને સંયુક્ત રીતે મળેલ બાતમી હકિકત મળેલ કે, સાયકલોની ચોરીઓમાં અમદાવાદના કેટલાક દેવીપુંજક છોકરાઓ સંડોવાયેલ છે. અને તેઓ નાના છોકરાઓનો ઉપયોગ કરી ચોરીઓ કરાવે છે. જે હકિકત આધારે તેઓએ **(૧) જીવનભાઈ કાળુભાઈ વઢીયારી** ઉ.વ.૨૦ રહે. હાલ સચીન, ઝીરો નંબર સ્લમબોર્ડ, ઝુપડપટ્ટી તા.ચોર્યાસી જી.સુરત મુળ રહે. નારોલ ગામ, સનેરીયાવાસની બાજુમાં અમદાવાદ **(૨) પ્રિન્સ ઉર્ફે રામદાસ રતુભાઈ દેવીપુંજક** ઉ.વ.૨૨ **(૩) કિશોર ઉર્ફે કિશન રતુભાઈ દેવીપુંજક** ઉ.વ. ૨૦ બન્ને રહે. હાલ પારડી તળાવ કિનારે પડાવમાં તા.પારડી જી.વલસાડ મુળ રહે. સમી તા.જી.પાટણ નાઓ વલસાડ જીલ્લાના પારડી વિસ્તારમાંથી મળી આવતા તેઓ પાસેથી ચોરીની પાંચ સાયકલો કબ્જે કરવામાં આવેલ અને તેઓને સાયકલ ચોરી બાબતે સઘન પુછપરછ દરમ્યાન તેઓ સાયકલ ચોરી કરવા માટે સ્થળ જોય નાના બાળકોનો ઉપયોગ કરી સાયકલ ચોરી કરાવી તેઓ ચોરીની સાયકલો **દશરથભાઈ કમસીભાઈ લાલાણી** રહે. આસપાસ મંદિર પાસે, પ્રિયંકા સોસાયટી, લાલાભાઈ રબારીના મકાનમાં, ગોડાદરા સુરત નાઓને સસ્તા ભાવે વેચી દેતા હોવાનું જણાવતા સદર દશરથભાઈ લાલાણી નાઓ પાસેથી નવ સાયકલો કબ્જે કરી આરોપી નં-૧ થી નં-૩ નાઓને તા.૨૩/૦૪/૨૦૨૧ કલાક ૨૦/૩૦ વાગે સી.આર.પી.સી. કલમ ૪૧(૧)ડી મુજબ ડીટેઇન કરી આગળની વધુ કાર્યવાહી માટે નવસારી ટાઉન ખાતે સોપવા તજવીજ કરેલ છે.

**આરોપીઓ પાસેથી કબજે કરેલ મુદ્દામાલની સાયકલો :-**

(૧) એક NEO BIECYELE કંપનીની સાયકલ કાળા કલરની લાલ પટ્ટા વાળી ગીયર વાળી સાયકલ જેનો ફ્રેમ નંબર XBY1006434 છે. (૨) એક X BICYCLE કંપનીની સાયકલ કાળા કલરની લાલ પટ્ટા વાળી ગીયર વાળી સાયકલ ફ્રેમ નંબર XBY1041613 છે. (3) એક HERO કંપનીની સાયકલ કાળા કલરની ગ્રીન પટ્ટા વાળી સાદી સાયકલ જેનો ફ્રેમ નંબર R9K9083 છે. (૪) એક TIXO INFINITY કંપનીની સાયકલ કાળા કલરની પોપટી પટ્ટા વાળી સાદી સાયકલ જેનો ફ્રેમ નંબર SK21A78972 છે. (૫) એક PHOENIX કંપનીની સાયકલ બ્લ્યુ કલરની ઓરેંજ પટ્ટા વાળી ગીયર વાળી સાયકલ જેનો ફ્રેમ નંબર 764211601X02237 છે. (૬) VIVELO SPORT કંપનીની લીલા કલરની કાળા પટ્ટા વાળી જેનો ફ્રેમ નંબર S120190 છે. સાદી સાયકલ છે. (૭) FXLO કંપનીની કાળા કલરની બ્લ્યુ પટ્ટા વાળી જેનો ફ્રેમ નંબર NCI19/K34170 છે. જે સાયકલ સાદી છે. (૮) HYDRA KNIGHT કંપનીની લીલા કલરની લાલ તથા ભુરા પટ્ટા વાળી જેનો ફ્રેમ નંબર X4VI701022 છે. જે સાયકલ ગીયર વાળી છે. (૯) GEEKAY PEGAZ કંપનીની કાળા કલરની ભુરા પટ્ટા વાળી જેનો ફ્રેમ નંબર FSDW1938733 છે. જે સાયકલ ગીયર વાળી છે. (૧૦) HACKER XPS કંપનીની બ્લ્યુ કલરની લીલા પટ્ટા વાળી જેનો ફ્રેમ નંબર DZ190314 છે. જે સાયકલ ગીયર વાળી છે. (૧૧) DS-1 કંપનીની વાઈટ કલરની લીલા પટ્ટા વાળી જેનો ફ્રેમ નંબર S408051612 છે. જે સાયકલ ગીયર વાળી છે. (૧૨) HERO DTB કંપનીની કાળા કલરની લીલા પટ્ટા વાળી જેનો ફ્રેમ નંબર HRD04263 છે. જે સાયકલ ગીયર વાળી છે. (૧૩) HERO SPRINT NEXT કંપનીની કાળા કલરની લીલા પટ્ટા વાળી જેનો ફ્રેમ નંબર અવાચ્ય છે. જે સાયકલ ગીયર વાળી છે. (૧૪) BIKWIN કંપનીની લીલા કલરની બ્લ્યુ પટ્ટા વાળી જેનો ફ્રેમ નંબર અવાચ્ય છે. જે સાયકલ સાદી છે.
**ઉપરોક્ત ૧૪ સાયકલોની કુલ કિં.રૂ. ૧,૨૩,૦૦૦/- જેટલી થાય છે.**

અ.નુ નંબર-૩ માં જણાવેલ સાયકલ નવસારી ટાઉન પો.સ્ટે પાર્ટ એ ગુ.ર.નં. 11822019210681 ઈ.પી.કો.ક. ૩૭૯ મુજબના ગુનાના કામનો મુદ્દામાલ છે.

**આરોપીઓનો એમ.ઓ.**

આ કામે ડીટેઈન કરેલ ત્રણેય આરોપીઓ સાયકલ ચોરી કરવા માટે સ્થળ જોય નાના બાળકોનો ઉપયોગ કરી સાયકલની ચોરીઓ કરાવી જે સાયકલો દશરથભાઈ કમસીભાઈ લાલાણીને સસ્તા ભાવે વેચવાની એમ.ઓ. ધરાવે છે.

**સારી કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :-**

PI વી.એસ.પલાસ, PSI એ.આર.સુર્યવંશી, ASI કલ્યાણભાઈ રામભાઈ, HC અરૂણસિંહ જગતસિંહ, HC નિલેશભાઈ અશોકભાઈ, HC સુરેશભાઈ વિષ્ણુભાઈ, HC મિલનભાઈ મનસુખભાઈ, PC અર્જુનભાઈ પ્રભાકરભાઈ,

